# 22. હિમાલયમાં એક સાહસ

## સ્વાધ્યાય

1. નીચે આપેલાં વિધાનો માટે સાચો વિકલ્પ પસંદ કરી ખરા(✓)ની નિશાની કરો:

1) સાંકડી અને નિર્જન ખીણોમાં ફરવાનો લેખકનો...

(A) કાયમી અનુભવ હતો.

(B) ઓછો અનુભવ હતો.

(C) પ્રથમ અનુભવ હતો.

(D) છેલ્લો અનુભવ હતો.

2) હિમનદી ઓળંગવાનાં સાધનોના અભાવને કારણે

(A) પાછા ફર્યા

(B) આગળ વધ્યા

(C) રોકાઈ ગયા

(D) સફળ થયા

2. નીચેના પ્રશ્નોનો એક-બે વાક્યમાં ઉત્તર લખો:

1) પ્રવાસમાં લેખક(જવાહરલાલ)ની કયા સ્થળે જવાની ઇચ્છા હતી?

- પ્રવાસમાં લેખક(જવાહરલાલ)ની માનસરોવર જવાની ઇચ્છા હતી.

2) પ્રવાસમાં લેખક(જવાહરલાલ)ની સાથે કોણ કોણ હતું?

- પ્રવાસમાં લેખક(જવાહરલાલ)ની સાથે તેમના એક પિતરાઈ ભાઈ, એક નાનકડી ટુકડી, ભાર ઊંચકવા માટે મજૂરો તથા એક ભોમિયો હતાં.

### 3) ખોભણમાં પગ લપસ્યા છતાં લેખક કેવી રીતે બચ્યા?

- ખોભણમાં લેખકનો પગ લપસ્યો; પરંતું સૌ એકબીજા દોરડાની સાંકળથી સંકળાયેલા હતા. આથી આ દોરડાએ તેમને પકડી રાખ્યા. પોતે ખોભણની એક બાજુને વળગી રહ્યા એટલે સૌએ મળીને એમને ખેંચી કાઢ્યા. આ રીતે તેઓ બચી ગયા.

## 3. નીચેના પ્રશ્નોના ઉત્તર પાંચ-સાત વાક્યમાં લખો:

### 1) પાઠને આધારે હિમાલયની સાહસ યાત્રાનું વર્ણન કરો.

- જવાહરલાલ નેહરુએ હિમાલયની યાત્રા કરવાનું સાહસ ખેડ્યું. તેમણે પોતાની સાથે તેમના એક પિતરાઈ ભાઈ, એક નાનકડી ટુકડી, ભાર ઊંચકવા માટે મજૂરો તથા એક ભોમિયો સાથે લીધાં. અફાટ હિમસમૂહથી ઢંકાયેલો એક જબરદસ્ત પહાડ ઓળંગવા માટે સૌપ્રથમ દોરડાની સાંકળ બનાવી, પછી આ દોરડાની સાંકળ સાથે સૌ એકબીજા સાથે સંકળાઈને અનેક હિમનદીઓ ઓળંગીને ઉપર ચડતા ગયા, પણ શ્વાસ લેવામાં મુશ્કેલી પડવા લાગી. મજૂરો પાસે બહુ ભાર નહોતો છતાં તેમને લોહીની ઊલટીઓ થવા લાગી. હિમ પડવાથી હિમનદીઓ લપસણી થઈ ગઈ હતી. સૌ થાકીને લોથ થઈ ગયા હતા, તોપણ હિંમત કરીને આગળ વધતા ગયા. બાર કલાકના સતત ચડાણના અંતે નજર સામે એક વિશાળ હિમસરોવર દેખાયું. હિમાચ્છાદિત શિખરોથી વીંટળાયેલું એ ભવ્ય દૃશ્ય દેવોના મસ્તક ઉપર મુકુટ જેવું લાગતું હતું. હવે પેલે પાર આવેલી ગુફાઓ સુધી પહોંચવાનું હતું. એને માટે હિમસરોવર ઓળંગવું પડે; પરંતુ રસ્તામાં અનેક જગ્યાએ હિમનદીઓમાં મોટી ખોભણો આવતી. તાજું હિમ પડવાથી ખોભણ ન દેખાતાં લેખક છેતરાયા અને પગ મૂક્યો ત્યાં તો બરફ ધસી પડ્યો. તેઓ ભયાનક અને પહોળી ખોભણમાં લપસ્યા, તેઓ ખોભણની એક તરફ વળગીને ઊભા રહ્યા અને દોરડાએ તેમને પકડી રાખ્યા, પછી સૌએ સાથે મળીને એમને ખેંચી લીધા.

### 2) લેખકે વર્ણવેલું હિમાલયનું સૌંદર્ય તમારા શબ્દોમાં લખો.

- તિબેટની સપાટી તરફ જતાં જંગલના ઊંચામાં ઊંચા પ્રદેશની સાંકડી અને નિર્જન ખીણ આવતી હતી. ઝોજીલા ઘાટ તરફની સાંકડી ખીણમાં આગળ ને આગળ ચાલતાં બંને બાજુ પહાડો ઊભા હતા. તેમનાં શિખરો ઉપર હિમનો મુકુટ ચળકી રહ્યો હતો. હિમના નાના નાના પ્રપાતો લેખક તથા એમની ટુકડીનું સ્વાગત કરવા જાણે અતિ મંદ ગતિએ ઉતરી રહ્યા હતા. પવન ઠંડો અને આકરો હતો, પણ દિવસે સૂરજનો મધુર તડકો માણવા મળે અને હવા નિર્મળ હતી. આગળ જાઓ તો હિમાલયની આસપાસનાં વૃક્ષો અને વનસ્પતિ અદૃશ્ય થઈ જાય. પછી માત્ર ખડક, હિમ અને બરફ, ક્યાંક ક્યાંક બહુ પુષ્પો દેખાય. આ જંગલી અને વેરાન પ્રકૃતિમંદિર જોઈને સંતોષ થાય. સતત

ચડાણ ચઢે તો નજર સામે એક વિશાળ હિમસરોવર દેખાય. હિમાચ્છાદિત શિખરોથી વીંટળાયેલું આ ભવ્ય દૃશ્ય દેવોના મસ્તક ઉપર મુકુટ જેવું લાગતું હતું.

3) પ્રવાસ અધૂરો મૂકીને આવવું પડ્યું તે તમને યોગ્ય લાગ્યું કે નહિ તે કારણો સાથે જણાવો.

- માનસરોવર તરફ આગળ ધપતાં રસ્તામાં અનેક જગ્યાએ હિમનદીઓમાં મોટી ખોભણો આવતી હતી. ખોભણો દેખાતી ન હતી. વારંવાર હિમ પડવાને લીધે હિમનદીઓમાં ખોભણ દેખાતી નહિ. આથી પગ લપસવાની પૂરી શક્યતા હતી. એક જગ્યાએ તાજા પડેલા હિમથી લેખક છેતરાયા. તેમણે પગ મૂક્યો કે તરત બરફ ધસી પડ્યો અને તેઓ એક ભયાનક અને પહોળી ખોભણમાં લપસ્યા. તેઓ ખોભણની એક તરફ વળગીને ઊભા રહ્યા અને દોરડાએ તેમને પકડી રાખ્યા, પછી સૌએ સાથે મળીને એમને ખેંચી લીધા. આ બનાવથી લેખક અને બાકીનાં તમામ ગભરાઈ ગયા, પરંતુ તેમણે કૂચ ચાલુ રાખી. હિમનદીઓમાં ખોભણોની સંખ્યા અને તેની વિશાળતા વધતી જતી હતી. એને ઓળંગવામાં જોખમ હતું. તેમની પાસે પૂરતી સાધનસામગ્રી નહોતી. તેમને એટલે આવું ખોટું સાહસ કરવા જતાં પ્રાણ જાય એના કરતાં પ્રવાસ અધૂરો મૂકીને પરત આવવામાં જ સૌનું ભલું હતું. આથી લેખકને પ્રવાસ અધૂરો મૂકીને પરત આવવું પડ્યું તે મને યોગ્ય જ લાગ્યું.